ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




આભાર યાત્રા - ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતક્ષેત્રમાં કસોકસના જંગમાં ભાજપના અશોક પટેલ વિજયી બનતા આજે વહેલી સવારથી નગરની ગલીએ ગલીએ મતદારોનો આભાર માનવા કાર્યકરોના કાફલા સાથે નિકળ્યા હતા. વહેલી સવારે અક્ષરધામના હરિમંદિરથી આરંભાયેલ આભારયાત્રા સેક્ટરના આંતરિક માર્ગો પર મતદારોનું અભિવાદન ઝીલતા ઝીલતા મોડીસાંજે ગાયત્રી મંદિર પહોંચ્યા હતા. શહેરના મતદારોએ ભાજપ તરફી હકારાત્મક મતદાન કરી અશોકભાઈ પટેલને વિજયી બનાવતા ગાંધીનગર મહાનગર ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરોએ નગરજનોનો આભાર માન્યો હતો. આભાર યાત્રામાં ભાજપના વરિષ્ટ આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ગુજરાતના રાજકારણમાં તુલા રાશીનો દબદબો

## મકરના ૨૦ અને મેષના ૧૯ વિજયી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે તુલા રાશીનો દબદબો યથાવત રહ્યો છે. તુલા રાશીના સૌથી વધુ ૨૩ જેટલા ધારાસભ્યો ચુંટાયા છે. ત્યાર પછીના ક્રમે મકર, મેષ, વૃષભ, મિથન અને કુંભ રાશીના ઉમેદવારોનો દબદબો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવી ગયા છે. હવે થોડાક જ દિવસોમાં સપથગ્રહણ સમારોહ અને મંત્રીમંડળની રચના થશે. આવા સમયે કઈ રાશીના કેટલા ધારાસભ્યો ચુંટાઈને આવ્યા છે તેનુંવિશ્લેષણ રસપ્રદ બની રહે છે. ૧૮૨ ધારાસભ્યોમાંથી સૌથી વધુ ધારાસભ્યો તુલા રાશીના છે. 'ર' અને 'ત' અક્ષરથી શરૂ થનારા નામવાળા ધારાસભ્યો આ વખતે વિધાનસભામાં સૌથી વધુ હશે. જ્યારે કર્ક રાશી એટલે કે 'હ' અને 'ડ' શબ્દથી જે નામની શરૂઆત થાય છે તેવા ધારાસભ્યો માત્ર ચાર છે. મેષ રાશી વાળા ૧૯, વૃષભ રાશીના ૧૮, મિથુન રાશીના ૧૮, સિંહ રાશીવાળા ૧૭, કન્યા રાશીવાળા ૧૭, વૃશ્ચિક રાશી વાળા-૧૧ અને મીન રાશીના ૭ ધારાસભ્યો આ વખતે ચુંટાયા છે.


# શિક્ષકોમાં જ્ઞાનનો અભાવ નથી ટીચીંગ પદ્ધતિમાં સુધાર અનિવાર્ય

## ટીચીંગ સ્ટાઈલમાં બદલાવ લાવવા વિશેષ તાલીમ આપવા વિવિધ ૧૨ જેટલાં મોડ્યુલ્સ તૈયાર કરાયાં

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના શિક્ષકોમાં જ્ઞાનનો અભાવ નથી પરંતુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની પદ્ધતિમાં સુધાર લાવવાની અનિવાર્યતા હોવાનું ધ્યાને આવ્યું છે. શિક્ષણ સજજવા સર્વેક્ષણ કસોટીના અંતે આ તારણ બહાર આવ્યું છે. જ્યારે શિક્ષકોની શિક્ષણ પદ્ધતિને અસરકારક બનાવવા આગામી મહિનામાં વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે તેમજ શાળાઓમાં શિક્ષણ



પદ્ધતિ વધુ અસરકારક બને તે માટે અગાઉ શિક્ષણ સજજતા સર્વેક્ષણ અન્વયે શિક્ષકોની કસોટી લેવાઈ હતી. રાજ્યના ૪૧ હજાર શિક્ષકોએ આ કસોટી આપી હતી. જ્યારે આ કસોટીના આધારે શિક્ષકોમાં વિષય સંબંધિત નોલેજ પર્યાપ્ત હોવાનું ધ્યાને આવ્યું હતું. પરંતુ શિક્ષકો પોતાના જ્ઞાનને ક્લાસરૂમમાં અસરકારક રીતે ડીલીવર ન કરી શકતા હોવાનુ સ્પષ્ટ થયું હતું. અસરકારક શિક્ષણ પદ્ધતિ અને ટીચીંગ સ્ટાઈલમાં કંઈક ખૂટતુ હોવાનું ધ્યાને આવતા આ મામલે શિક્ષકોને તાલીમબદ્ધ કરવા આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે શિક્ષકોને આ સંદર્ભે યોગ્ય તાલીમ આપવા વિવિધ ૧૨ પ્રકારના મોડ્યુલ્સ તૈયાર કરાયા છે. જેના આધારે ટીચીંગ પદ્ધતિમાં પણ સુધાર લાવવા પ્રયાસ કરાશે. શિક્ષણ બોર્ડના તજજ્ઞો દ્વારા શિક્ષકોને આગામી મહિનામાં તાલીમ અપાશે.

# જિલ્લામાં ચોવીસમી ડિસેમ્બરથી શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આગામી સોમવારથી શાળા આરોગ્ય ચકાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યો છે. ૨૪-૧૨-૧૨ થી શરૂ થતો આ કાર્યક્રમ ૧૯મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન જિલ્લાના પ્રાથમિક માધ્યમિક અને આંગણવાડીના બાળકો મળી ત્રણ લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરાશે. આ ઝુંબેશ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહી છે. આ કાર્યક્રમમાં બાળકોમાં હૃદય, કિડની, આંખ, નાક-કાન ગળા સહિતની તપાસ કરવામાં આવે છે. જેમાં જે બાળકને સંદર્ભ સેવાની જરૂર હોય તેને જિલ્લાકક્ષાએ તપાસી અને વધુ સઘન સારવારની જરૂર જણાય તો તેની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

સામાન્યતઃ ૧૪મી નવેમ્બરથી શરૂ થતો આ કાર્યક્રમ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની આચાર સંહિતા અમલમાં હોવાથી મુલ્તવી રખાયો હતો.

જિલ્લામાં આ વર્ષે પણ ૩૦૦ જેટલી જુદી જુદી ટીમો બનાવી અને આ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. જેમાં જિલ્લાની ૬૭૯ પ્રા. શાળા, ૨૦૭ માધ્યમિક શાળા, ૧૦૪૪ આંગણવાડીના બાળકોને આવરી લેવામાં આવનાર છે.

જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત શાળો ન જતા ૦ થી ૧૪ વર્ષની આયુ ધરાવતા ૨૬૫૭ જેટલા બાળકોને પણ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં ગત વર્ષે તપાસ દરમ્યાન એકસોથી પણ વધુ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા હતા. સામાન્યતઃ સરકારે ગત વર્ષે આ કાર્યક્રમ એક સપ્તાહનો બનાવ્યો હતો. પરંતુ આ વખતે તેમાં સુધારો કરી અને પ્રાથમિક તપાસ જ સીધી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત ૧૦ હજાર જેટલા આરોગ્ય અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ જોડાશે. આ અંગેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળેલ છે. સોમવારથી શરૂ થઈ રહેલા આ કાર્યક્રમ દરમ્યાન આયર્નની ટીકડીઓ પણ લોહતત્વની ઉણપ ધરાવતા બાળકોને સ્થળ પર જ આપવામાં આવશે.

# ૫૨ બાળકો શરીર સ્થૂળતાથી પિડાતા તો ૧૧ બાળકોને કેન્સરની બિમારી

## કાર્યક્રમમાં મળેલા ચોંકાવનારા તારણો સામાજિક ચિંતા ઉપજાવે છે

ગાંધીનગર, તા. ૨૧

નાના બાળકોમાં પણ શરીરની સ્થૂળતા વધી જવાના ચોંકાવનારી ઘટનાઓએ જિલ્લાના સમાજજીવનમાં ભારે ચિંતાની લાગણી પ્રસરાવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા ગત વર્ષે હાથ ધરાયેલ શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન આવા ૫૨ જેટલા કેસ મળી આવ્યા હતા. આવા કેસો બદલતી જતી જીવનશૈલીને કારણે નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોનું કહેવું છે.

આ ચકાસણી દરમ્યાન બીજી ચોંકાવનારી હકીકત બહાર આવી હતી તેમાં ૪૧ બાળકો તમાકુનું સેવન કરતા જણાયા હતા.

શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ૪૫૮૯ બાળકોને આંત્રકૃમિના દર્દથી પીડાતા બાળકો મળ્યા હતા.જ્યારે આંખના રોગનો ભોગ બનેલા બાળકોની સંખ્યા ૨૯૧૯ છે.

ચેતાતંત્રના રોગથી પિડાતા બાળકો પણ ૧૫ જેટલા મળી આવ્યા હતા. ૧૦૨ બાળકોને હૃદયની બિમારી જણાઈ હતી તો ૨૯ બાળકોને કિડની અને ૧૧ બાળકોને કેન્સર હોવાનું જણાઈ આવ્યું હતું.

આમ બદલાતી જતી જીવનશૈલી રાજ્યની આવતીકાલ કેટલી નબળી હશે તેને લઈ સામાજિક ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

# જિલ્લામાંથી ૩૦૫૫૧ વિદ્યાર્થીઓ ધો. ૧૦ની પરીક્ષા આપશે

## ૭૨૯૮ રીપીટર વિદ્યાર્થીઓનો પણ સમાવેશ, ગુજરાતી માધ્યમના ૨૮૨૬૨ અને અંગ્રેજી માધ્યમના ૧૫૦૯ વિદ્યાર્થી નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહિનામાં લેવાનારી ધો. ૧૦ની બોર્ડ પરીક્ષા અન્વયે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાની પ્રક્રીયા પૂર્ણ કરી દીધી છે. સમગ્ર રાજ્યમાંથી ૯.૪૦ લાખ વિદ્યાર્થીઓ ધો. ૧૦ બોર્ડની પરીક્ષા આપશે જ્યારે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૩૦૫૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે.

શાળાકીય શિક્ષણમાં મહત્વના ગણાતા ધો. ૧૦ અને ધો. ૧૨ વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી કસોટી આગળની શૈક્ષણિક કારકિર્દી માટે અત્યંત અગત્યની માનવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ પણ પૂર્ણતા તરફ હોવાથી બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષાના આડે હવે માત્ર બે મહીના જેટલો જ સમય બાકી રહ્યો છે. બોર્ડની મહત્વની કસોટીની તૈયારી માટે પણ હવે નિર્ણાયક સમય આવી ગયો હોવાથી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાલક્ષી તૈયારી માટે વધુ ગંભીર બન્યા છે. વાંચન માટે ટાઈમ-ટેબલ આધારિત અભ્યાસ શરૂ કરી દેવાયો છે. આગામી માર્ચ મહિનામાં લેવાનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી પરીક્ષાર્થીઓની નોંધણી પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર માર્ચ વર્ષ ૨૦૧૩માં લેવાનારી ધો. ૧૦ની પરીક્ષા માટે રાજ્યમાંથી ૯.૪૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં પણ ૩૦૫૫૧ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે નોંધણી થઈ છે. જેમાં અંગ્રેજી મીડીયમમાં ૧૫૦૯ ગુજરાતી માધ્યમ માટે ૨૮૨૬૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મોરવા હડફ બેઠકના વિજેતા ઉમેદવાર સવિતાબેનનું અવસાન

## પરિણામો જાહેર થયા બાદ જ અવસાન થયું : સવિતાબેન પક્ષના એક પાયાના મહિલા કાર્યકર હતા : સોનિયા ગાંધી

અમદાવાદ, તા. ૨૧

મોરવા હડફ વિધાનસભા બેઠક પરથી વિજેતા થયેલા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો સવિતાબેન ખાંટનું દુઃખદ અવસાન થયા કોંગ્રેસની છાવણીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ તેમના અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. સવિતાબેન કોંગ્રેસ પક્ષના પાયાના મહિલા કાર્યકર હતા અને સમાજના ઉત્થાન માટે સક્રિય હતા. વિધાનસભાની ચૂંટણીમાં તેમની શાનદાર જીત પણ થઈ હતી. સોનિયા ગાંધીએ તેમના અવસાન અંગે પ્રતિક્રિયા કરતા જણાવ્યું છે કે, સવિતાબેન ખાંટ કોંગ્રેસ પક્ષના પાયાના મહિલા કાર્યકર હતા. તેમના અવસાનથી પંચમહાલ જિલ્લાએ સક્રિય આદિવાસી મહિલા આગેવાન ગુમાવ્યા છે. સોનિયા ગાંધીએ તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી છે. મોરવા હડફ વિધાનસભા અંગેના ધારાસભ્ય તરીકે ચૂંટાયેલ સવિતાબેન ખાંટના નિધન અંગે ઘેરા શોકની લાગણી કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, સવિતાબેન ખાંટ કોંગ્રેસ પક્ષના સક્રિય કાર્યકર હતા. હમેશા નાના લોકોના પ્રશ્નો માટે હરહંમેશ જાગૃત હતા. તેમના અવસાનથી કોંગ્રેસ પક્ષે એક જાગૃત મહિલા પ્રજાના પ્રતિનિધિ ગુમાવ્યા છે. પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને ચૂંટણી પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ પણ તેમના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.



દિલ્હીમાં યુવતિ પર થયેલા ગેંગ રેપનો વિરોધ દેશભરમાં ફાટી નીકળ્યો છે. ગુનેગારોને તાત્કાલિક આકરી સજા થવી જોઈએ એવી માગ દેશભરમાંથી ઊઠે છે અને એ માગના સમર્થનમાં લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા છે. શુક્રવારે સાંજે ગાંધીનગરમાં પણ આ માગને જ્યોત સાથે સમર્થન આપવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# વિધાનસભાની ત્રણ બેઠક માટે પેટા ચૂંટણીની શક્યતા સર્જાઈ

## કોંગ્રેસના બે સાંસદો ધારાસભ્ય તરીકે હવે રાજીનામું આપે તેવી શક્યતા : આગામી છ માસમાં પેટા ચૂંટણી થઈ શકે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પરીણામ આવ્યાને હજુ બે દિવસ પણ વિત્યા નથી ત્યાં ફરીથી વિધાનસભાની ત્રણ બેઠકો માટે આગામી છ માસમાં પેટા ચૂંટણી કરવી પડે તેવા નિર્દેશો સાંપડી રહ્યા છે. વિધાનસભાની મોહવાહડફની બેઠક પરથી ચૂંટણી જીતેલા મહિલા ઉમેદવાર સવિતાબેન ખાંટનું અવસાન થતાં તેમની ખાલી પડેલી બેઠક પરથી છ મહિનામાં પેટાચૂંટણી કરવી પડશે તેમ જાણવા મળે છે. જ્યારે કોંગ્રેસના બે સંસદ સભ્યો પણ વિધાનસભાની ચૂંટણી જીત્યા હોવા છતાં તેઓ સંસદસભ્ય તરીકે જ યથાવત રહેનાર હોવાથી ધારાસભ્ય પદેથી રાજીનામું આપવું પડશે. આ સંજોગોમાં વધુ બેઠકો મળીને કોંગ્રેસની જ કુલ ત્રણ બેઠકો ખાલી પડતા આ ત્રણેય બેઠકો માટે પેટા ચૂંટણી યોજાશે. કોંગ્રેસના કુલ ત્રણ સંસદસભ્યો વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા જે પૈકી બોટાદની બેઠક પરથી કુંવરજી બાવળીયા વિધાનસભાની ચૂંટણી હારી ગયા હતા. જ્યારે ધોરાજીની બેઠક પરથી વિઠ્ઠલ રાદડીયા તથા લીંબડીની બેઠક પરથી સોમાભાઈ ગાંડાભાઈ પટેલ ચૂંટણી જીતી ગયા હતા. કોંગ્રેસમાં ચાલતી ચર્ચા મુજબ આ ત્રણેય સંસદ સભ્યોને એ ગણતરીથી વિધાનસભાની ચૂંટણીની ટિકીટ આપવામાં આવી હતી કે, ગુજરાતમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ત્રણેય સાંસદોને રાજ્ય સરકારનું પ્રધાનપદ મળશે.

પરંતુ ગુજરાતમાં ભાજપની સરકાર બનતા ચૂંટણી જીતેલા કોંગ્રેસના બન્ને સાંસદો ધારાસભ્યપદેથી રાજીનામું આપી સંસદસભ્ય તરીકે યથાવત રહેશે. કારણ કે કેન્દ્રમાં કોંગ્રેસના સાંસદોનું સંખ્યાળ પૂરતું નહિ હોવાથી કોંગ્રેસ પક્ષ આ બંને વિજેતા ઉમેદવારોને ધારાસભ્યપદેથી રાજીનામું અપાવી સાંસદ તરીકે યથાવત રાખશે. આ સંજોગોમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરીણામ આવ્યા બાદ તુરંત જ ત્રણ બેઠકોની પેટાચૂંટણીઓની શક્યતાઓ ઉભી થતા રાજકીય વર્તુળોમાં તરેહ-તરેહની અટકળો વહેતી થઈ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# વિધાનસભા ચૂંટણી પૂર્ણ થતાં આચારસંહિતા ઊઠી

## ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા બાદ આચારસંહિતા અમલી બની હતી : હવે નવી સરકાર પોલીસી નિર્ણયો કરી શકશે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને અમલી બનાવવામાં આવેલી આચારસંહિતાને આખરે ઉઠાવી લેવામાં આવી છે. આની સાથે જ નવી રચવામાં આવનાર સરકાર માટે કોઈ પણ પોલીસી નિર્ણયો માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. નવી સરકાર વિકાસના હેતુસર અને લોકોના જનકલ્યાણ માટે પગલાઓ લઈ શકશે. વિધાનસભાની ચૂંટણીને લઈને હાલમાં આચારસંહિતા અમલી હતી જેથી સરકાર કોઈ પણ નિર્ણય લેવાની સ્થિતિમાં ન હતી. પરિણામ જાહેર થઈ ગયા બાદ હવે ધારણા પ્રમાણે જ આચાર સંહિતાને ઉઠાવી લેવામાં આવી છે. રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં તા. ૩જી ઓક્ટોબર ૨૦૧૨થી અમલમાં આવેલી આચાર સંહિતાનો ચૂંટણી પરીણામ જાહેર થતાં અંત આવ્યો છે. ચૂંટણી આચાર સંહિતાનો અંત આવતા રાજ્યનું પોલીસ અને વહીવટીતંત્ર પુનઃ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ આવી ગયું છે. આચારસંહિતા અમલમાં હોવાથી તમામ રાજકીય પક્ષો કોઈ જાહેરાત કરવાની સ્થિતિમાં ન હતા. આચારસંહિતા ત્રીજી ઓક્ટોબરના દિવસે અમલી બનાવવામાં આવ્યા બાદ આજે ૨૧મી ડિસેમ્બરના દિવસે ઉઠાવી લેવામાં આવી હતી.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com